પોળોના જંગલોમાં આગ પ્રસરી

વન્યજીવોને નુકસાન થયું હોવાની આશંકા : ટેકરી વિસ્તાર હોવાને કારણે ટેન્કર પહોંચવા પણ મુશ્કેલ હતા, જેથી વન વિભાગના કર્મચારીઓએ સ્થાનિકોની મદદથી આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો

અમદાવાદ,તા.૧૧

પાછલા થોડાક સમયમાં ગુજરાતીઓ માટે હરવા ફરવા માટે એક નવી જગ્યા લોકપ્રિય બની છે, તે છે ઉત્તર ગુજરાતમાં આવેલા પોળોના જંગલ. ટ્રેકિંગ માટે અથવા તો કુદરતના ખોળે સમય પસાર કરવા માટે મોટી સંખ્યામાં લોકો અહીં જવાનું પસંદ કરતા હોય છે. મંગળવારે બપોરના સમયે અજાણ્યા કારણસોર અહીં આગ લાગી હતી. ધીરે ધીરે આગ જંગલમાં પ્રસરી ગઈ હતી અને તેમાં પશુ પક્ષીઓના મૃત્યુ થયા હોવાની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક તંત્ર આ ઘટનાથી અજાણ હોવાની જાણકારી મળી છે. વિગતવાર વાત કરીએ તો, મોડાસા તાલુકાના સરડોઈ નજીક આવેલા ચામુંડા ટેકરી વિસ્તારમાં ભીષણ આગ લાગવાને કારણે વનરાજી બળીને રાખ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે ઉનાળામાં તેમજ પાનખર ઋતુમાં સામાન્યપણે જંગલોમાં આગ લાગવાની ઘટના બનતી હોય છે. મંગળવારે બપોરે એકાએક પોળો ફોરેસ્ટના કેટલાક વિસ્તારમાં આગ લાગી હતી. આગ લાગવાનું કારણ હજી સુધી જંગલ ખાતાના અધિકારીઓને પણ ખબર નથી, પરંતુ સ્થાનિક પ્રવાસીઓ તેમજ સ્થાનિકોએ આ વાતની પૃષ્ટિ કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, આ આગ ધીરે ધીરે ડુંગર તરફ પ્રસરી રહી છે. નોંધનીય છે કે, માત્ર અમદાવાદ જ નહીં, સમગ્ર ગુજરાતના લોકો પોળોના જંગલોની મુલાકાત લેતા હોય છે. અહીં પ્લાસ્ટિકના વપરાશ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉનાળાની ઋતુમાં સૂકા ઝાડમાં આગ લાગવાની ઘટનાઓ બનતી રહેતી હોય છે. પોળોના જંગલ સિવાય મોડાસા તાલુકાના સરડોઈ નજીક આવેલી ચામુંડા ટેકરી વિસ્તારમાં પણ ભીષણ આગની ઘટના બની છે. સ્થાનિકો આગ રોકવાનો પ્રયત્ન કરે તે પહેલા જ તેણે વિકરાણ સ્વરુપ ધારણ કરી લીધુ હતું. જોતજોતામાં આગ આગળ પ્રસરી ગઈ હતી અને લાખો રુપિયાની વનરાજી રાખ થઈ ગઈ હતી. સ્થાનિક સાહસી યુવકોએ પોતાના જીવના જોખમે કાચબા જેવા પ્રાણીઓને બચાવી લીધા હતા. આગની ઘટના અંગે સરપંચ દ્વારા વન વિભાગ અને ડિઝાસ્ટર વિભાગને જાણ કરવામાં આવી હતી. ટેકરી વિસ્તાર હોવાને કારણે ટેક્ર પહોંચવા પણ મુશ્કેલ હતા, જેથી વન વિભાગના કર્મચારીઓએ સ્થાનિકોની મદદથી આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો.

માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી સહિત ૨૬ને ૨ વર્ષની સજા

શિવરાજપુર રિસોર્ટમાંથી જુગારધામ પકડાયું હતું : પોલીસે જુગારધામ પરથી ૩.૮૯ લાખ રોકડા, ૨૫ મોબાઇલ, લેપટોપ અને ૮ લક્ઝુરિયસ કાર જપ્ત કર્યા હતા

વડોદરા, તા.૧૧

૧ જુલાઇ, ૨૦૨૧ ના રોજ રાત્રે પંચમહાલ જિલ્લાના શિવરાજપુર ખાતે જીમીરા રિસોર્ટમાંથી પકડાયેલા જુગારધામ કેસમાં હાલોલ કોર્ટે માતરના ભાજપના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી સહિત ૨૬ ને દોષીત જાહેર કર્યા છે અને તમામને ૨ વર્ષની સજા ફટકારી છે. પંચમહાલ જિલ્લા એલસીબી પોલીસે શિવરાજપુરના જીમીરા રિસોર્ટમાં ચાલતા હાઇપ્રોફાઇલ જુગારધામ પર દરોડો પાડીને ૨૬ જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી, ૪ વિદેશી મહિલા સહિત કુલ કુલ ૨૬ જુગારીઓને ઝડપી લીધા હતા.

પોલીસે જુગારધામ પરથી ૩.૮૯ લાખ રૂપિયા રોકડા, ૨૫ મોબાઇલ, લેપટોપ અને ૮ લક્ઝુરિયસ કાર સહિત ૧.૧૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચુકાદામાં સજા પામેલા ૨૬ પૈકી ૨૪ સજા સમયે હાજર હતા. કોર્ટે કલમ ૪ અનુસાર ૨ વર્ષની સજા, ૩ હજારનો દંડ, કલમ ૫ અનુસાર ૬ મહિનાની સજા ફટકારી હતી. આ ઉપરાંત ૧ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કોર્ટો આરોપીઓને સજા ફટકારી હતી. આ ઉપરાંત જીમીરા રિસોર્ટનો પરવાનો પણ રદ કરવા માટેનો આદેશ આપ્યો હતો. કેસરીસિંહ સોલંકી માતરના ધારાસભ્ય છે અને બે ટર્મથી ભાજપની ટીકિટ પર ચૂંટાય પણ છે. જો કોઇ પણ ગુનામાં બે કે તેથી વધારે સજા થાય તો ધારાસભ્યપદ ગુમાવવું પડે છે. આ ઘટનામાં કેસરિસિંહનું ભવિષ્ય હવે સું છે તે જોવું રહ્યું. તેમને ૨ વર્ષની સજા થઇ ચુકી છે. તેવામાં હવે ભાજપ શું કરે છે તે જોવું રહ્યું. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, જીમીરા રિસોર્ટમાં અમદાવાદનો હર્ષદ વાલજી પટેલ જુગારધામ ચલાવતો હતો.

જુગારમાં રોકડ રૂપિયાના વ્યવહારના બદલે પ્લાસ્ટિકના કોઇનનો ઉપયોગ કરતો હતો. ઝડપાયેલી મહિલાઓ અહીં જોકી તરીકે ઉપયોગમાં લેવાતી હતી. જુગાર રમતા લોકોને પત્તા વહેંચવા, અન્ય પીણા પીરસવા અને મહેમાનોની સેવા કરવી જેવા કામ કરતા હતા.

ગાંધીનગર બાર એસોસિએશનની સામાન્ય સભા યોજાઈ હતી જયારે આ બેઠકમાં સર્વાનુમતે ગાંધીનગર બારના વર્ષ ૨૦૨૨-૨૩ ના હોદેદારોની બિનહરિફ વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે સંજયસિંહ અમરસિંહ વાઘેલાની બિનહરિફ વરણી કરવામાં આવી હતી જયારે ઉપપ્રમુખ તરીકે ચિંતન ત્રિવેદી , પી ટી અમીન , મહામંત્રી તરીકે કેતન વ્યાસ, સંજયસિંહ જે વાઘેલા, સહમંત્રી તરીકે અમિતા વાઘેલા ખજાનચી તરીકે નરવીરસિંહ મકવાણા તેમજ લાઈબ્રેરિયન તરીકે શંકરસિંહ ઠાકોર અને સંયોજક તરીકે લાલસિંહ ગોહીલની નિમણુંક કરવામાં આવી હતી. આ તમામ નવા હોદેદારોને બારના તમામ સભ્યોએ પુષ્પગુંચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તબક્કે પ્રમુખ સંજયસિંહ વાઘેલાએ બારના વિકાસ માટે નવા કામો કરવાની નેમ પણ વ્યકત કરી હતી. જયારે શંકરસિંહ ગોહીલ બારના વિકાસ માટે પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

ડીંગુચાના એજન્ટ ભરત ઉર્ફે બોબી પટેલ પાસે ૨૮ પાસપોર્ટ

યુએસ-કેનેડામાં ગેરકાયદેસર ઘૂસણખોરી કેસ : ૨૮ પાસપોર્ટમાંથી કેટલાકમાં તેની બાયોમેટ્રિક માહિતી પણ છે, તેણે તરકીબો વાપરીને કાયદેસર પાસપોર્ટ કઢાવ્યા

અમદાવાદ, તા.૧૧

અમેરિકા-કેનેડા બોર્ડર પર ઘૂસણખોરી કરવાના પ્રયાસ દરમિયાન મોતને ભેટેલા પટેલ પરિવારની ઘટના બહાર આવ્યા બાદ કલોલ નજીકના ડીંગુચા ગામનું નામ આખીય દુનિયામાં ચર્ચામાં આવી ગયું છે. તેમાંય હવે આ જ ગામના એક એજન્ટનું એવું કારસ્તાન પોલીસને જાણવા મળ્યું છે કે જેણે ઉચ્ચ અધિકારીઓને પણ ચોંકાવી દીધા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડીંગુચાનો કુખ્યાત એજન્ટ ભરત ઉર્ફે બોબી પટેલ ૨૮ જેટલા પાસપોર્ટ ધરાવે છે. પોલીસ તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે તમામ ૨૮ પાસપોર્ટમાંથી કેટલાકમાં તેની બાયોમેટ્રિક માહિતી પણ છે, અને ભરત પટેલે તરકીબો વાપરીને કાયદેસર રીતે આ પાસપોર્ટ કઢાવ્યા છે. ડીંગુચાનો ભરત પટેલ પહેલા તો નાનામોટા કામ કરીને ગુજરાન ચલાવતો હતો. જોકે, હવે લોકોની પાસેથી તગડી રકમ વસૂલી તેમને ગેરકાયદે રીતે અમેરિકા મોકલવાના એક સુવ્યવસ્થિત કૌભાંડના મામલામાં તેની સામે તપાસ ચાલી રહી છે.

ભરત પટેલનું આ રેકેટ ભારતથી અમેરિકા વાયા તુર્કી અને મેક્સિકો સુધી ફેલાયેલું છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ૪૭ વર્ષનો ભરત પટેલ અલગ-અલગ પાસપોર્ટ ઓફિસોમાંથી પાસપોર્ટ કઢાવે છે. તેણે અમદાવાદ તેમજ મુંબઈમાંથી પણ પાસપોર્ટ કઢાવેલા છે. ૧૯૯૭માં તેણે અમદાવાદમાંથી સૌ પહેલા પાસપોર્ટ કઢાવ્યો હતો. પહેલા પાસપોર્ટમાં તેનાં અસલી નામ, જન્મ તારીખ અને સરનામાંનો ઉલ્લેખ છે. ભરત પટેલ ૧૯૯૭માં પોતાનું નેટવર્ક વિસ્તારવા માટે બે વાર અમેરિકા ગયો હતો. બીજીવાર તે ગયો ત્યારે બે બાળકોને પણ સાથે લેતો ગયો હતો. જોકે, તે વખતે તે પકડાઈ ગયો હતો અને અમેરિકાની કોર્ટે તેને ડિપોર્ટ કરવાનો આદેશ આપી અમેરિકામાં તેના ઘૂસવા પર ૯૯ વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો હતો. ૨૦૦૨માં ભરત પટેલે વધુ એક પાસપોર્ટ કઢાવ્યો હતો, કારણકે તેને ડર હતો કે એકના એક પાસપોર્ટથી ટ્રાવેલ કરવામાં જોખમ સર્જાઈ શકે છે. ત્યારબાદ તે પોતાના નામ, અટક, જન્મ તારીખ તેમજ સરનામાંમાં સામાન્ય ફેરફાર કરાવીને એક પછી એક પાસપોર્ટ કઢાવતો રહ્યો હતો. ભરતે મુંબઈથી ૨૦૦૪માં કમલ શાહના નામે પાસપોર્ટ કઢાવ્યો હતો. જેમાં તેણે જન્મ તારીખ પણ બદલાવી દીધી હતી. તેણે અમદાવાદ અને મુંબઈ ઓફિસમાંથી સાત જેટલા પાસપોર્ટ કઢાવ્યા હોવાની શંકા છે. આ સિવાય તેણે બાકીના ૨૧ પાસપોર્ટ દેશના અલગ-અલગ ભાગોમાંથી કઢાવ્યા છે, જે બધામાં તેનો ફોટો તો સરખો જ છે.

આઈપીઓ લાવવા સજ્જ પ્રુડેન્ટ એડવાઈઝરી સર્વિસીસે એન્કર રોકાણકારો પાસેથી ૧૫૯ કરોડનું ફંડ મેળવ્યું

રિટેલ વેલ્થ મેનેજમેન્ટ કંપની પ્રુડેન્ટ એડવાઈઝરી સર્વિસીસે સોમવારે જણાવ્યું હતું કે કંપનીએ એના પ્રાથમિક શેરના વેચાણ અગાઉ એક્ર રોકાણકારો પાસેથી રૂ. ૧૫૯ કરોડથી વધારે ફંડ ઊભું કર્યું છે.

બીએસઈ પર અપલોડ કરેલા પરિપત્ર મુજબ, કંપનીએ શેરદીઠ રૂ. ૬૩૦ ના ભાવે એન્કર રોકાણકારોને કુલ ૨૫,૩૦,૬૫૧ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી નાણાકીય વ્યવહારની કુલ સાઈઝ રૂ. ૧૫૯.૪૩ કરોડ થાય છે.

સોસાયટી જનરલ, કુબેર ઈન્ડિયા ફંડ, ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ (એમએફ), એચડીએફસી એમએફ, એક્સિસ એમએફ, એલએન્ડટી એમએફ, યુટીઆઈ એમએફ, કેનેરા રોબેકો એમએફ, મોતિલાલ ઓસ્વાલ એમએફ, આદિત્ય બિરલા સન લાઈફ એમએફ, કોટક એમએફ અને એચએસબીસી એમએફ - એન્કર રોકાણકારોમાં સામેલ છે.

શરૂઆતમાં ૮૫,૪૯,૩૪૦ ઈક્વિટી શેરના વેચાણમાં વેગ્નેર લિમિટેડના ૮૨,૮૧,૩૪૦ ઈક્વિટી શેર અને શિરિષ પટેલ દ્વારા ૨,૬૮,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે.

અત્યારે રોકાણકાર વેગ્નેર ૩૯.૯૧ ટકા શેરહિસ્સો ધરાવે છે તથા કંપનીના પૂર્ણકાલિન નિર્દેશક અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ૩.૧૫ ટકા હિસ્સો ધરાવે છે. શેરદીઠ રૂ. ૫૯પથી રૂ. ૬૩૦ની પ્રાઈસ બેન્ડ ધરાવતો આઈપીઓ ૧૦થી ૧૨ મે સુધી પબ્લિક સબસ્ક્રિપ્શન માટે ખુલશે. પ્રાઈસ બેન્ડના અપર એન્ડ પર કંપની આઈપીઓ મારફતે રૂ. ૫૩૮.૬૧ કરોડ ઊભા કરશે.

પ્રુડેન્ટ કોર્પોરેટ એડવાઈઝરપી સર્વિસીસ ભારતમાં અગ્રણી સ્વતંત્ર રિટેલ વેલ્થ મેનેજમેન્ટ સર્વિસીસ ગ્રૂપ્સ (બેંકો સિવાય) પૈકીની એક છે તથા સરેરાશ એસેટ્સ અંડર મેનેજમેન્ટ અને પ્રાપ્ત કમિશનની દ્રષ્ટિએ ટોચના મ્યુચ્યુલ ફંડ વિતરકો પૈકીની એક છે. આ ટેકનોલજી-સક્ષમ, નાણાકીય ઉત્પાદનોના વિતરણ માટે સંપૂર્ણ મહત્વપૂર્ણ સમાધાનો સાથે વિસ્તૃત રોકાણ અને નાણાકીય સેવાઓના પ્લેટફોર્મ છે તથા ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમોમાં હાજરી ધરાવે છે. ઈશ્યૂની અડધોઅડધ સાઈઝ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી) માટે, ૧૫ ટકા બિનસંસ્થાગત રોકાણકારો માટે અને ૩૫ ટકા રિટેલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવી છે. ઉપરાંત કર્મચારીઓ માટે રૂ. ૬.૫ કરોડના કુલ ઈક્વિટી શેર અનામત રાખવામાં આવ્યાં છે.

નાગરિકો માટે જનસુખાકારીના કામોને વધુ વેગવાન બનાવાશે : જીતુ વાઘાણી

૭,૦૦૦થી વધુ તેડાગર બહેનોને નિમણૂક પત્રો અપાશે : કચ્છમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારોના ૨૦ હજારથી વધુ મકાનોને ટાઇટલ-માલિકીના હક્કો અપાશે

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને જનસુખાકારીના લાભો સત્વરે મળે એ માટે વિવિધ વિકાસ કામોને વધુ વેગવાન બનાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય કરીને મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી છે.

પ્રવક્તા મંત્રી વાઘાણીએ ઉમેર્યું કે, ગુજરાત રોડ કનેક્ટિવિટીમાં દેશભરમાં મોખરે રહ્યું છે ત્યારે, રાજ્યભરમાં ૧૨,૨૦૦ કરોડના વિવિધ વિકાસ કામો ખાતમુર્હૂત-લોકાર્પણ આગામી ઓકટોબર માસ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. જેમાં ૩૩ જિલ્લાઓને આવરી લેવાશે. માર્ગ-મકાન વિભાગ હસ્તક રાજ્ય પ્રભાગ, પંચાયત પ્રભાગ તથા અન્ય મળી કુલ રૂપિયા ૧૨,૨૦૦ કરોડના કામો હાથ ધરાનાર છે.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પી.એમ. ગતિશક્તિ યોજના અંતર્ગત ગુજરાતે શ્રેષ્ઠ કામગીરી કરીને દેશભરમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરીને ૪૯થી વધુ ર્ઝ્ઝ-મંજૂરીઓ ટૂંકા ગાળામાં મેળવવામાં આવી છે. ગુજરાતમાં રૂ. ૨,૭૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર ઉમરગામથી નારાયણ સરોવરના કોસ્ટલ હાઇવે માટે પણ વિવિધ વિભાગોના સંકલનના કારણે અંદાજે રૂ. ૫૦૦ કરોડની બચત થશે. આવા અનેક પ્રોજેક્ટ રાજ્યમાં ચાલી રહ્યા છે જે સત્વરે પૂર્ણ કરાશે.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું કે વાંસ કલાના કારીગરોને પ્રોત્સાહિત કરીને તેમને વધુને વધુ રોજગારી મળે એ માટે ૪૨ લાખ જેટલા વાંસનું વિતરણ કરાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ડેડિયાપાડા ખાતે મે માસના અંતમાં કાર્યક્રમ યોજાશે.

માર્ગ-મકાન વિભાગ દ્વારા

આગામી ઓકટોબર સુધીમાં ૧૨,૨૦૦ કરોડના વિવિધ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે રાજ્યના નાગરિકોને જનસુખાકારીના લાભો સત્વરે મળે એ માટે વિવિધ વિકાસ કામોને વધુ વેગવાન બનાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય કરીને મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી છે.

પ્રવક્તા મંત્રી વાઘાણી ઉમેર્યું કે ગુજરાત રોડ કનેક્ટિવિટીમાં દેશભરમાં મોખરે રહ્યું છે ત્યારે, રાજ્યભરમાં ૧૨,૨૦૦ કરોડના વિવિધ વિકાસ કામો ખાતમુર્હૂત-લોકાર્પણ આગામી ઓકટોબર માસ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. જેમાં ૩૩ જિલ્લાઓને આવરી લેવાશે. માર્ગ-મકાન વિભાગ હસ્તક રાજ્ય પ્રભાગ, પંચાયત પ્રભાગ તથા અન્ય મળી કુલ રૂપિયા ૧૨,૨૦૦ કરોડના કામો હાથ ધરાનાર છે.

પ્રવક્તામંત્રીએ ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પી.એમ. ગતિશક્તિ યોજના અંતર્ગત ગુજરાતે શ્રેષ્ઠ કામગીરી કરીને દેશભરમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરીને ૪૯ થી વધુ એનઓસી-મંજૂરીઓ ટૂંકા ગાળામાં મેળવવામાં આવી છે. ગુજરાતમાં રૂ. ૨,૭૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર ઉમરગામથી નારાયણ સરોવરના કોસ્ટલ હાઈવે માટે પણ વિવિધ વિભાગોના સંકલનના કારણે અંદાજે રૂ. ૫૦૦ કરોડની બચત થશે. આવા અનેક પ્રોજેક્ટ રાજ્યમાં ચાલી રહ્યા છે જે સત્વરે પૂર્ણ કરાશે.

પ્રવક્તામંત્રીએ ઉમેર્યું કે વાંસ કલાના કારીગરોને પ્રોત્સાહિત કરીને તેમને વધુને વધુ રોજગારી મળે એ માટે ૪૨ લાખ જેટલા વાંસનું વિતરણ કરાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ડેડિયાપાડા ખાતે મે માસના અંતમાં કાર્યક્રમ યોજાશે. આદિવાસી સમાજના ૧૬૮ જેટલાં ગામના લોકોને આનો લાભ મળશે. આ કલાને પ્રોત્સાહન આપવા માટે વાંસ કૌશલ્ય વર્ધન કેન્દ્ર થકી વિવિધ પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવશે.

પ્રવક્તામંત્રીએ ઉમેર્યું કે કેન્દ્ર સરકારની સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ વિવિધ રેંકના આધારે પંચાયતોની પસંદગી કરવામાં આવે છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતે આ ક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી કરી છે. જેના પરિણામે દેશભરની ૧ થી ૫૦ ના રેંકમાં ગુજરાતની ૧૯ પંચાયતો તથા ૧ થી ૧૦૦ના રેન્કમાં ૫૪ પંચાયતો પસંદ પામી છે જે આપણા સૌ માટે ગૌરવ છે.

પ્રવક્તામંત્રીએ ઉમેર્યું કે રાજ્યમાં વધુને વધુ જળ સંચય થાય એ માટે સુજલામ સુફલામ જળસંચય અભિયાન ચાલી રહ્યું છે જે હેઠળના કામો તા. ૩૧મી મે સુધીમાં પૂર્ણ કરવાના છે. આ માટે જિલ્લા પ્રભારીમંત્રીઓને સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહીને આ કામો સમયસર પૂર્ણ કરવા પણ મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે.

રાજ્યમાં કોરોનાના ૩૧ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૧ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન કોઈપણ મૃત્યુ નોંધાયુ નથી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ ૨૧ લોકો સાજા થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોનાને લીધે કુલ ૧૦૯૪૪ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૧૨ લાખ ૨૪ હજાર ૫૯૪ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ ૧૨,૧૩,૪૬૭ લોકો સાજા થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં ૧૯ નોંધાયા છે. તો વડોદરામાં ૮ કેસ સામે આવ્યા છે. અમદાવાદ ગ્રામ્યમાં પણ એક કેસ નોંદાયો છે. આ સિવાય નવસારી, જામનગર અને સુરતમાં એક-એક કેસ સામે આવ્યો છે.

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૮૩ છે. જેમાં એક દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ ૧૨ લાખ ૧૩ હજાર ૪૬૭ લોકો સારવાર બાદ સાજા થયો છે. રાજ્યનો રિકવરી રેટ ૯૯.૦૯ ટકા છે. ગુજરાતમાં આજે કોરોના વેકસીનના ૩૮૩૬૨ ડોઝ આપવામાં આવ્યા છે.

ચાર્ટર્ડ સ્પીડે ઈવી પરિવહનને વેગ આપવા ગિફ્ટ સિટી સાથે એમઓયુ કર્યા

ગાંધીનગર, તા. ૧૧

મોબિલિટી સર્વિસીસ પ્રોવાઈડર ચાર્ટર્ડ સ્પીડે ભારતના પ્રથમ સ્માર્ટ સિટી અને આઈએફએસસી - ગિફ્ટ સિટી સાથે શહેરમાં ગતિશીલ ઈલેક્ટ્રિકલ વ્હિકલ્સ (ઈવી) બનાવવા માટે સંયુક્તપણે કામ કરવા સમજૂતીકરાર (એમઓયુ) કર્યા છે. આ જોડાણનો ઉદ્દેશ ગિફ્ટ સિટીથી અને ગિફ્ટ સિટી સુધી અવરજવર કરવા માટે જાહેર પરિવહન સુવિધાઓ વધારવાનો તેમજ અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં ઈવી માળખાને પ્રોત્સાહન આપવાનો અને તેને મજબૂત કરવાનો છે.

આ એમઓયુના ભાગરૂપે ચાર્ટર્ડ સ્પીડ ઈન્ટ્રા અને ઈન્ટર-સિટી સ્તર માટે ઈવી મોબિલિટી પ્રદાન કરશે, જેમાં કંપની અમદાવાદ અને ગાંધીનગર સાથે ગિફ્ટ સિટીને જોડતી ઈલેક્ટ્રિક બસ સર્વિસી કાર્યરત કરશે તથા ગિફ્ટ સિટીમાં કામ કરતાં, રહેતાં અને મુલાકાત લેતાં લોકોની સુવિધા માટે ઈલેક્ટ્રિક બાઈક પ્રદાન કરશે. ચાર્ટર્ડ સ્પીડ કાફલાની રોજિંદી કામગીરીઓનું મેનેજમેન્ટ કરશે, જેમાં ડ્રાઈવરો, રુટ, ભાડું અને ભાડાની આવક, બસનું મેઈન્ટેનન્સ તથા સમગ્ર ગિફ્ટ સિટીમાં ચાર્જિંગ માળખાની સ્થાપના સામેલ છે.

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રેએ કહ્યું હતું કે "જેમ ગિફ્ટ સિટી દેશમાં સતત વિકાસ અને ઈનોવેશનમાં માપદંડો સ્થાપિત કરી રહ્યું છે, તેમ ચાર્ટર્ડ સ્પીડ સાથે જોડાણ ગ્રીન મોબિલિટી સોલ્યુશન્સમાં નવા પ્રકરણની શરૂઆત કરશે. આ ભવિષ્યને ધ્યાનમાં રાખીને થયું છે, જેમાં ઈવી અને હાઈબ્રિડ વાહનો લોકોની અવરજવરની રીતમાં આવશ્યક પરિવર્તન લાવશે. આ જોડાણ ગિફ્ટ સિટી સુધી અને ગિફ્ટ સિટીમાંથી અવરજવર માટેના વિકલ્પો પણ વધારશે."

ચાર્ટર્ડ સ્પીડ લિમિટેડના સીઈઓ અને ડિરેક્ટર સન્યમ ગાંધીએ કહ્યું હતું કે "અમે ઈલેક્ટ્રિક બસો સ્વરૂપે ગિફ્ટ સિટીમાં કામ કરતા, રહેતા લોકોને ગિફ્ટ સિટીમાંથી અન્ય કોઈ જગ્યાએ કે અન્ય કોઈ જગ્યાએથી ગિફ્ટ સિટીમાં આવવા માટેની કનેક્ટિવિટી, સુવિધા અને સુલભતા આપવાની આ પહેલ હાથ ધરવા બદલ જોડાણ કરવાની ખુશી છે. અમને ખાતરી છે કે, આ ગિફ્ટની અંદર ઈવીની વૃદ્ધિ અને વ્યાપક સ્વીકાર્યતાને વેગ આપવાની સાથે આ વિસ્તારમાં ઈવી માળખાને વધારવા અને મજબૂત કરવાની પ્રક્રિયાને પણ વેગ આપશે."

સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આગે બઢાયા તો....અલ્લાહ કસમ, ચીરકે રખ દૂંગા.....ઔર કિતની જાનેં લોગે આપ લોગ? અગર મેરે બચ્ચેકો જરા સી ભી ખરોંચ આઈ તો ઈનમેંસે કોઈ નહીં બચેગા." એટલામાં પોલીસ આવી અને ટોળું વિખરાઈ ગયું.

રસ્તામાં મને સ્તબ્ધ જોઈને એ એટલું બોલ્યો, "માફ કીજીયે સાબ, મૈંને આપકો અપના પૂરા નામ નહીં બતાયા. મેરા પૂરા નામ રાજમહંમદ હૈ. મેરા ખેત ઔર મકાન ભી ઈસી દંગોકી વજહસે જલ ગયા થા. ગોલી ઔર ચિનગારી કિસીકા મજહબ પૂછકર નહીં આતી. મૈંને આપકા નમક ખાયા હૈ. ઔર આપને મુઝ પર ભરોસા કિયા હૈ. મૈં તો બહુત છોટા આદમી હૂં સાબ પર ઈતના સમજતા હૂં કિ જિસકા નમક ખાયા ઉસકે ભરોસેકો કાયમ રખનેસે બડા કોઈ મઝહબ નહીં." મારી નજર ગાડીના કાચમાંથી બહાર ગઈ. કોણ જાણે કેમ પણ આજે ઈક્રમટેક્સ સર્કલ આગળ ઊભેલા ગાંધીજીના પૂતળાના ચહેરા ઉપર મને અનન્ય સંતોષ અને સ્મિત દેખાયાં.

નખરાળી જિંદગી

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પહેરનાર ભાઈ કંટાળી જાય, થાકી જાય પણ કરે શું, એને તો ધંધો લઈને બેઠા છીએ એટલે દરેક પ્રકારના ગ્રાહકને સાચવવાના આ એક જ વાતની ખબર હોય.

ચોથો પ્રકાર છે લેટ લતીફ ગ્રાહકોનો. આ પ્રકારના ગ્રાહકો દુકાન બંધ થવાનો સમય થાય એની જસ્ટ પાંચ મિનિટ પહેલા આવશે અને વસ્તું જોવામાં કલાક કાઢશે. કેટલાક તો એવાય હોય કે બહાર ઊભા ઊભા આઈસ્ક્રીમ ખાતાં હોય, જુએ કે દુકાનમાં હાલ ભીડ છે, દુકાન બંધ થવાનો સમય થઈ ગયો છે એટલે આરામથી બહાર ઊભા બધા નીકળી જાય એની રાહ જોતા હોય. જેવી દુકાન બંધ કરવાની પ્રક્રિયા ચાલુ થાય કે તરત આ ગ્રાહક દુકાનમાં એન્ટ્રી મારશે. "અરે, તમે તો દુકાન બંધ કરવા લાગ્યા, અમારે હજી ખરીદી બાકી છે."

કેટલાક પાસે ક્યારેય છુટ્ટા ના હોય અને હોય તોય આપે નહીં એવા ગ્રાહકોને શું નામ આપવું? સો બસો રૂપિયાની વસ્તું ખરીદી સામે બે હજારની નોટ ધરે. એમની પાસે છુટ્ટા ના હોય પણ ઉપદેશ જરૂર હોય, "તમે દુકાનદાર છો, છૂટા રાખવાની જવાબદારી તમારી છે. આવડી મોટી દુકાન લઈને બેઠા છો અને છુટ્ટા નથી રાખતા!"

કેટલાક ગ્રાહકો જલસા કરી લો પ્રકૃતિના હોય. એક ભાઈ દર રવિવારે બપોરે એમની પત્ની અને ચાર સંતાનો સાથે રેડીમેડ ગારમેન્ટ્સના શૉ રૂમમાં ઘૂસી જતા. પૂરા બે કલાક ત્યાં ફર્યા બાદ કંઈ લીધા વગર ત્યાંથી બહાર નીકળે ત્યારે પાછા કહે, "કેમ છોકરાઓ જોઈ તમારા બાપાની ચાલાકી. ખરી ગરમીમાં બપોરે મસ્ત એસીની ઠંડી ઠંડી હવા ખવડાવીને...!"

અમુક ગ્રાહકો ભૂલકણા હોય. વસ્તું લઈ જાય પછી ભૂલી જાય. અચાનક ત્રણ મહિને, વરસે, બે વરસે એ વસ્તું એમને હા